# Day to Day Current Affairs
## August – 2015

### ❖ ૧ ઓગસ્ટ, ૨૦૧૫ (શનિવાર)

**1) મહિલા સશકિતકરણ પખવાડિયું :–**

- રાજય સરકાર દ્વારા આગામી ૧ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ સુધીના દિવસો મહિલા સશકિતકરણ પખવાડિયા તરીકે ઉજવાશે.
- જેમા પંદર દિવસ સુધી મહિલાઓને લગતા વિવિધ કાર્યક્રમો કરવામાં આવશે.

**2) વિશ્વ સ્તનપાન સપ્તાહ :–**

- ૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન સમગ્ર વિશ્વમાં વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવવામાં આવશે.

**3) આર. અશ્વિનને અર્જૂન એવોર્ડ :–**

- ભારતીય ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિનને ૩૧ જુલાઈના રોજ નવી દિલ્હી ખાતે રમત મંત્રી સોનોવાલે અર્જૂન એવોર્ડ એનાયત કર્યો હતો.
- પરંપરાગત રીતે અર્જૂન એવોર્ડ સહિતના સ્પોટર્સ પુરસ્કારોને ૨૯મી ઓગસ્ટે એનાયત કરવામાં આવે છે.
- ૨૯ મી ઓગસ્ટ ભારતના હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મ દિવસ છે, જેને નેશનલ સ્પોટર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે.
- નેશનલ સ્પોટર્સ ડે ના દિવસે અશ્વિન ભારતીય ટીમ સાથે વિદેશ પ્રવાસમાં હશે જેના કારણે એડવાન્સમાં તેને આ પુરસ્કાર એનાયત કરાયો હતો.

**4) ૨૦૨૨ ના શિયાળુ ઓલિમ્પિકની યજમાની બેઈજિંગ કરશે :–**

- તાજેતરમાં ચીનના બેઈજિંગ શહેરને વર્ષ – ૨૦૨૨ ના શિયાળુ ઓલિમ્પિકની યજમાની સોંપવામાં આવી છે.
- મલેશિયાના કુઆલાલુમ્પુરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.
- વર્ષ – ૨૦૦૮માં બેઈજિંગે ઉનાળું ઓલિમ્પિકની સફળતા પૂર્વક યજમાની કરી હતી.
- આ સાથે ઉનાળુ અને શિયાળુ એમ બંને ઓલિમ્પિકની યજમાની મેળવનારૂં બેઈજિંગ વિશ્વનું સૌપ્રથમ શહેર બની ગયું છે.

**5) ઈન્ટરનેટ સ્પીડમાં વિશ્વમાં ભારતનું સ્થાન :–**

- ઈન્ટરનેટ સ્પીડમાં ભારત વિશ્વમાં ૧૪માં સ્થાને છે.
- આ યાદીમાં દક્ષિણ કોરીયા પ્રથમ સ્થાને છે.
- વાયરવિહિન બ્રોડબેન્ડ સ્પીડમાં ભારતની સ્પીડ ૧.૩ એમબીપીએસ છે. જયારે દ. કોરિયાની સ્પીડ ૧૪.૭ એમબીપીએસ છે.

**6) નિયુ ટાપુએ સાઈ બાબાનો સિકકો બહાર પાડયો :–**

- પ્રશાંત મહાસાગરના ટાપુ દેશ નિયુ આઈલેન્ડે ગુરૂપૂર્ણિમાના દિવસે શિરડી સાઈબાબા ચિહન સાથેનો સૌપ્રથમ સિકકો બહાર પાડયો હતો.
- વિશ્વમાં કોઈપણ દેશ દ્વારા સાઈબાબા અંગેનો સૌપ્રથમવાર સત્તાવાર ચલણી સિકકો બહાર પાડવામાં આવ્યો છે.
- સ્વીસ હોલમાર્ક સાથેના સ્વીત્ઝરલેન્ડના હેલ્વેટિક મિન્ટમાંથી શુદ્ધ ચાંદીનો આ સિકકો બનાવાયો છે.

Vivekanand Academy, Gandhinagar